| Publication | Edition | Date | Page Number | Subject |
|---|---|---|---|---|
| Rakhewal | Gujarat | 22/1/21 | 5 | Music Video Launch of “Mare Te Gamde E k Var Avjo" |

અલ્ટ્રા મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટે નવા મ્યુઝિક વિડિયોમાં સુપરહીટ ગીત

# "મારે તે ગામડે એકવાર આવજો"ને રિક્રિએટ અને રીલિઝ કરીને ગુજરાતી અભિનેતા હિતેન કુમાર અને અભિનેત્રી રોમા માણેક પ્રત્યે આદર વ્યક્ત કર્યો



આ નવું સુપરહીટ ગુજરાતી ગીતને હરેશભાઇ પટેલે પ્રોડ્યુસ અને ડાયરેક્ટ કર્યું છે તથા જાણીતા ગાયક મનાલી ચતુર્વેદી અને ભવેન ધાનકે તેને સ્વર આપ્યો છે. જાણીતી મ્યુઝિક ડાયરેક્ટર જોડી કાશી કશ્યપ અને રિચર્ડ મિત્રાએ મ્યુઝિક કમ્પોઝ કર્યું છે. વર્ષ ૧૯૮૮ની સુપરહીટ ફિલ્મ "દેશ રે જોયા દાદ પરદેશ જોયા"ના અભિનેતા હિતેન કુમાર અને રોમા માણેકના સુપરહીટ ગીત "મારે તે ગામડે એકવાર આવજો"ના જાદૂને પુનર્જીવિત કરવામાં આવ્યો છે.આ ફિલ્મને ગોવિંદ પટેલે ડાયરેક્ટ કરી હતી તથા હિતેન કુમાર, રોમા માણેક અને અરવિંદ ત્રિવેદી મુખ્ય ભૂમિકામાં હતાં. ઓરિજનલ સોંગનું મ્યુઝિક અરવિંદ બારોટે કમ્પોઝ કર્યું હતું. આ દાયકાની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ હતી અને હજી પણ ગુજરાતી ફિલ્મમાં સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મો પૈકીની એક છે.આ વિડિયોમાં લીડ સિંગર મનાલી પણ જોવા મળશે, જેઓ જાણીતા રિજનરલ રેપર અને ફોક સિંગર છે, જેના કારણે આ સોંગ વધુ કન્ટેમ્પરરી બનશે અને આજના યુવાનો અને દર્શકો સાથે સુસંગત પણ બનશે. ઉલ્લેખનીય છે કે ગોવિંદ પટેલ ગુજરાતી સિનેમાના મનમોહન દેસાઇ તરીકે પણ ઓળખાય છે અને તેમના પુત્ર હરેશભાઇ પટેલ આ ૨૦૨૧ મ્યુઝિક વિડિયોના પ્રોડ્યુસર છે.આ નવા મ્યુઝિક વિડિયોમાં હિતુ કનોડિયા આર્મીના એક અધિકારીની ભૂમિકા ભજવી રહ્યાં છે, જેઓ રજાઓમાં ઘરે પરત ફરે છે તથા મૂળ ગીતનો સાર અને ભાવ બંન્ને જાળવી રાખે છે. એક નવા કન્ટેમ્પરરી લૂક અને ફીલ સાથે નવા ડાન્સ સ્ટેપ, બેકગ્રાઉન્ડ ડાન્સર્સ અને મ્યુઝિક કમ્પોઝિશનથી ગીતને નવો ઓપ આપવાનો પ્રયાસ કરાયો છે. ઉલ્લેખનીય છે કે અભિનેતાએ મૂળ ગીત સાથે સ્ટેપ-બાય-સ્ટેપ તાલ મિલાવવાની સાથે-સાથે પોતાની ખાસિયતોને પણ સામેલ કરીને ગીતને આજના યુવા દર્શકો સાથે સુસંગત બનાવ્યું છે. મ્યુઝિક પ્રોગ્રામિંગ અક્ષત અને આર્યમાને કર્યું છે તથા આકાશ દેવ તેના મિક્સિંગ અને માસ્ટરિંગ છે.

આ નવો વિડિયો અલ્ટ્રા ગુજરાતી યુટ્યુબ ચેનલ ઉપર ઉપલબ્ધ બનશે, જેના ૧.૧ મિલિયનથી વધુ સબસ્કાઇબર્સ છે. અલ્ટ્રાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ યુટ્યુબ, ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ દ્વારા ૫૦ મિલિયન (૫ કરોડ)થી વધુ સબસ્કાઇબર્સ અને ફોલોઅર્સને આકર્ષી રહ્યું છે.